# જન્મદિને વધામણી



પંકજ સી ગાંધી
એક્ઝીક્યુટીવ એન્જિનીયર
માર્ગ અને મકાન વિભાગ
મો. ૯૪૨૭૩ ૦૭૮૩૪



મનીષ ટી ખત્રી
પ્રિન્સિપાલ, પ્રેરણા વિદ્યાલય
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



દૃષ્ટિ મનીષ ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



રમેશચંદ્ર શર્મા
મો. ૯૪૦૮૭ ૩૯૩૬૨



નીરૂબેન જગદીશ સુખડીયા
ફોન : ૨૩૬૦૦૬૭૩



કૃણાલ કિશોરભાઈ પટેલ
મો. ૯૩૨૭૦ ૭૬૦૮૯



શેતલબેન કે તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



જેનિલ કે તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧

# માત્ર ધર્મથી નહીં પણ આત્માની શુદ્ધિથી મોક્ષ મળશે : નરરત્નસુરીશ્વરજી મહારાજ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ખાતે ચાતુર્માસ પ્રસંગે પધારેલ પુજ્ય આચાર્ય ભગવંત શ્રી નરરત્ન સુરીશ્વરજી મહારાજે પરમાત્માની વાણી ફરમાવતા જણાવ્યું હતું કે પરમાત્માને દેશના સાંભળવા માટે અંતરમાં ઉત્કંઠા હોય તો એ તમને દેવલોક સુધી પહોંચાડી શકે છે. સંમકિતિ આત્મા માટે તો ચારેય ગતિ દુર્ગતિ લાગતી હોય છે. એ આત્મા સદ્ ગતિમાં જાય તો પણ એ એમ માને છે કે મારા કર્મો ભોગવાઈ ગયા. દરેક ભવમાં એવો ભાવ હોય કે હું જ્યાં જઈશ ત્યાં મારે મારા કર્મ ખપાવવાના છે. અપમાન કરનાર પ્રત્યે પણ ઉપકાર ભાવ રાખો તો તેનાથી તમારૂ કર્મ ખપી જાય તેમ બની શકે. દરેક પ્રવૃત્તિમાં ક્ષમતા ધારણ કરો. પરણિતિનું સ્તર બદલો. ઓછામાં ઓછો તમારી જાતને ઓળખો. ભોગસુખો અને પૌદગલિક સુખો પાછળ ભાગવા જેવું નથી. ધર્મ કરતાં કરતાં અંદરની રૂચીનું પરીવર્તન થાય ત્યારે ધર્મ આંશિક રીતે ફળ્યો કહેવાય. માત્ર ધર્મથી નહીં પણ આત્માની સુદ્ધિથી મોક્ષ મળશે.

# કોલવડા ખાતે શાળાઓ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન



ગાંધીનગર, તા. ૨૨

કે. કે. પટેલ વિદ્યાલય કોલવડા અને બાશ્રી ચંચળબા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા પ્રાથમિક વિદ્યામંદીર ખાતે ગૌરીવ્રત નિમિત્તે વિવિધ પ્રવૃતિઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય ભાવનાબા એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગૌરીવ્રતનું આધ્યત્મિક મૂલ્ય સાર્થક થાય તે અંગે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાની ૪૦૦ વિદ્યાર્થીનીઓએ મહેંદી હરિફાઇ તથા કેશગુંથન જેવી સ્પર્ધામાં મોટી સંખ્યામાં ભાગ લઈ તેમની કલાત્મક અભિરૂચી પ્રદર્શિત કરી હતી. શાળા કક્ષાએ રંગોળી હરિફાઇ તથા સુશોભન સ્પર્ધામાં ૮૦ બાળાઓએ ભાગ લીધો હતો. સમગ્ર શાળા પરિવારની વિદ્યાર્થીનીઓ મટે સંગીત પાર્ટીના સૂરે " રાસ ગરબા"નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીનીઓ મનમુકી ગરબાના તાલે ઝુમી હતી. ઉપવાસ હોવા છતા ગરબાની રમઝટ સતત બે-ત્રણ કલાલ રાખી આનંદ સાથે ઉજવણી કરી હતી. શાળાના આચાર્ય તરફથી દરેક બાળાને ફળ-ફળાદિનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળાનાં શિક્ષક પ્રવિણાબેન પ્રજાપતિ, વર્ષાબેન પટેલ તથા નીરૂબેન શ્રીમાળીએ શાળા પરિવારના સહયોગથી સફળ સંચાલન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૈદ્ય વિરલ શાહ દ્વારા જીવનમાં આયુર્વેદિક વનસ્પતિ, નેચરલ થેરાપી વગેરેની આયુર્વૈદિક વિજ્ઞાનમાં ઉપયોગીતા વિષે સમજ આપી હતી. તેમજ જીવનમાં કોસ્મિક રેઝનું મહત્વ પણ એમણે વિસ્તૃત ઉદાહરણો આપીને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. ગુરૂપૂર્ણિમાના આ કાર્યક્રમમાં સૌ પ્રથમ સંસ્થાના બધાજ પ્રોફેસરો અને અન્ય સ્ટાફ સભ્યોને બોલાવીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્ય ડૉ. ડી.એમ. પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતુ. અને પ્રોફેસર હિરેન કડીકરે જીવનમાં યોગ અને કસરતનું મહત્વ સમજાવ્યુ હતુ. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંતર્ગત પ્રાથના, ડાન્સ તેમજ ગીતો રજુ કર્યા હતા. આ કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના છોડની કોલેજ કેમ્પસમાં વાવણી કરી હતી. આ વાવણી દરમિયાન વિદ્યાર્થીઓએ ખાસ કરીને જે છોડમાં ઔષધિય ગુણો હોય તેવા છોડની પસંદગી કરી હતી.

# શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવ ભારે દબદબાપૂર્વક ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૨

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર વિશ્વ શાંતિ કેન્દ્ર રજત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની ઉપસ્થિતિમાં ગુરૂપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે ગુરૂદેવ શ્રી મુક્તજીવન સ્વામીબાપાનું ષોડશોપચોર, સાસ્ત્રોક્તવિધિ અનુસાર પૂજન અર્ચન આરતી કરાયા હતા. પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું તું કે મનુષ્યોએ જીવનમાં સદગુણોનું સર્જન કરી, જ્ઞાન, મહીમા દ્વારા તે સદગુણોની વૃદ્ધિ કરે, સદગુણોનું સર્જન કરી જ્ઞાન, મહીમા દ્વારા પોષણ કરી અંતરમાં રહી ગયેલા દોષો, વિકારોનો નાશ કરે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય,દઢતા કેળવી ગુરૂના સાચા શરણાર્થી બનવું જીવનને ઉન્નત બનાવવા સત્સંગ એ સમુદ્ર છે. ગુરૂપૂર્ણિમા અવસરે વાલ્મીકી સમાજને રૂ. ૧.૭૧ લાખનું દાન પણ અર્પણ કરાયું હતું.

# ગૌરીવ્રત નિમિત્તે ડભોડા વિદ્યામંદિર દ્વારા બાળાઓ માટે પ્રવાસ ગોઠવાયો

ગાંધીનગર, તા. ૨૨

શ્રી એમ એચ વિદ્યામંદિર, ડભોડામાં અભ્યાસ કરતી ધોરણ-૯થી ૧૨ની ૨૮૬ જેટલી વિદ્યાર્થીનીઓ માટે ગૌરીવ્રત નિમિત્તે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ વિદ્યાર્થીનીઓને હિંમતનગર ખાતે સાબર ડેરીની મુલાકાતે લઈ જવામાં આવી હતી. ત્યાંથી કંથારપુરના ઐતિહાસિક વડ, સાંપડ મહાકાલી મંદિર, હિંમતનગર સ્વામીનારાયણ મંદિર, ગિયોડ અંબાજી મંદિરની મુલાકાતે પણ આ વિદ્યાર્થીનીઓને લઈ જવામાં આવી હતી. સાબર ડેરીના ચેરમેન જેઠભાઈ પટેલતરફથી દીકરીઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દલસંગભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય તથા શ્રી કેળવણી મંડળના પ્રમુખ દિલીપભાઈ પટેલે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું અને જેઠાભાઈ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો બિલોદરા ગામથી પ્રારંભ કરાયો



ગાંધીનગર, તા. ૨૦

માણસા તાલુકાના બિલોદરા ગામેથી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ વિતરણની કામગીરીનો પ્રારંભ માણસાના ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી તથા જિલ્લા વિકાસ અધિકારી ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ છે.

વાર્ષિક રૂ. ૩૦૦૦ સુધી નિઃશુલ્ક સારવાર ગુજરાત સરકાર દ્વારા બી.પી.એલ. પરિવારો માટે પ્રસ્તુત કરેલ છે. જેમાં પરિવાર વિમિત રૂ. ૩૦,૦૦૦ સુધીનો સારવાર ખર્ચ હોસ્પિટલમાંથી કાર્ડ દ્વારા મફત મળી શકે છે.

વીમાધારકે રજિસ્ટ્રેશન ફી પેટે રૂ. ૩૦નું પ્રીમીયમ ચુકવણી કરવાની હોય છે. માણસા તાલુકાના તમામ વીમાધારકે કાર્ડ દીઠ ભરવાની થતી પ્રીમીયમની રકમ રૂ. ૩૦નું ચુકવણું તમામ વીમાધારક વતી ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવશે.

આ કાર્ડ વિતરણ કામગીરી તાલુકા આરોગ્ય અધિકારી માણસા અને મેડીકલ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલોદરા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલોદરાના પરિવાર દ્વારા શુભારંભ કરવામાં આવેલ છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૧૨.૩૦
મદારી
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
સ્ટાર ટ્રેક બિયોન્ડ
(૩ડી-અંગ્રેજી)
૪.૦૦, ૧૦.૧૫
સ્ટાર ટ્રેક બિયોન્ડ
(૩ડી-હિન્દી)
૧૧.૪૫, ૨.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
ઈશ્ક ક્લિગ
૧૨.૩૦
સુલતાન
૬.૩૦
કબાલી (તમિલ)
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૫**
કબાલી
૧૦.૦૦
મદારી
૧૨.૪૫
સુલતાન
૩.૧૫, ૯.૪૫

# જિલ્લાકક્ષાની કુસ્તીમાં લીંબોદરા હાઈસ્કુલ ઝળકી

ગાંધીનગર, તા.૨૨

જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા યોજાયેલ હતી.

જેમાં પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરાના ૧૦ વિદ્યાર્થીઓને વિવિધ વય જુથ અને વજનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજયકક્ષાએ પસંદગી પામતા સુંદર દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. વિજેતા ખેલાડીઓમાં યશ ચૌધરી, ક્રીશ પટેલ, કિશન નાયી, જાસ્મીન વસાવા, પ્રકાશ ઠાકોર, અરૂણ સોલંકી, સિધ્ધરાજ વાઘેલા, ધરમજીત વાઘેલા, વિશાલ વાઘેલા, વિશ્વરાજ વાઘેલાનો સમાવેશ થાય છે.

વ્યાયામ શિક્ષક શ્રી વિશાલ થોરાતે ખેલાડીઓને તાલીમ આપી હતી. આચાર્યશ્રી તેજસિંહ પરમારે તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

# ઍવરેસ્ટની ઊંચાઈએથી : આજ મૈં ઉપર, આંસમાં નીચે, આજ મૈં આગે, ઝમાના હૈ પીછે




ઑક્સિજનની અછત, આઠેય આંગળીઓ ડૅમેજ અને મોતના મુખમાંથી આબાદ બચી ઍવરેસ્ટ સર કરનારી પ્રથમ ગુજરાતી મહિલાનું ગૌરવ પ્રાપ્ત કરતી ચેતના રાણા-શાહુ : ત્રીસ વર્ષની લાંબી તપશ્ચર્યા અને ત્રીજા પ્રયત્ને સફળતાનો વાવટો સજોડે ફરકાવનાર ઍવરેસ્ટ પર પહોંચનાર પ્રથમ કપલ બનવાનો પણ રૅકોર્ડ

હિમાલયનું સર્વોચ્ચ શિખર એટલે માઉન્ટ ઍવરેસ્ટ... દુનિયાભરના પર્વતારોહકોનું એકમાત્ર ડ્રીમ કે ઍવરેસ્ટ સર કરવો. ઍડમંડ હિલેરીએ સૌપ્રથમ ઍવરેસ્ટ સર કરી ઉદાહરણ મૂક્યું કે કશું જ મુશ્કેલ નથી, મનસૂબો મજબૂત જોઈએ...

અમુલ ડેરીને કારણે પોતાનું આગવું નામ ધરાવતું આણંદ નગર. રેલવે સ્ટેશનની સામે આવેલી નાનકડી ફરસાણની દુકાન અને એના ઉપરના માળે જ એનું ઘર, આવકનાં ટાંચાં સાધનો, ઋઢિચુસ્ત સમાજમાંથી આવતી દીકરી એટલે ચેતના રાણા. આજથી ત્રીસ વર્ષ પૂર્વે જ સંકલ્પ કરેલો એક દિવસ ઍવરેસ્ટ સર કરીશ. એમના સમાજના દીકરીઓ ઓછું ભણતી એમાં ચેતનાએ બીએ, ઍમએ, ઍમએડ અને એ પણ અંગ્રેજી સાથે કરીને સમાજમાં સોપો પાડી દીધેલો...

એનાં લગ્નની વાત આવેલી ત્યારે પણ બહુ સ્પષ્ટપણે ભાઈ જયેશ અને પપ્પાને જણાવેલું કે જે મને ઍવરેસ્ટ માટે સહમતી આપશે અને મારી સાથે જોડાશે એની સાથે જ લગ્ન કરીશ... માઉન્ટેન ક્લાઈમ્બિંગના કૅમ્પ દરમ્યાન ડેથ જોન સુધી સાથ આપનાર પ્રદીપ શાહુ સાથે એનું ટ્યુનિંગ જામ્યું અને બંને પરણી ગયાં...

પચાસ વર્ષની વયે પહોંચેલી ચેતના રાણાને ઍવરેસ્ટ માટે તન, મન, ધનથી તકલીફ સહન કરવાની હતી. સૌથી પ્રથમ ઘરથી જ શરૂઆત થઈ. ધોરણ ૧૧માં ભણતો દીકરો વિહંગ અને દસમામાં ભણતી દીકરી ત્રિસ્તાએ બે વખત ઍવરેસ્ટ સર કરવામાં નિષ્ફળ રહેલાં મા-બાપ સામે પ્રશ્ન કર્યો, 'ઍવરેસ્ટ ચઢાણ આટલું ડિફીકલ્ટ છે તો તમે શા માટે જાઓ છો ? તમને કંઈ થઈ જશે તો અમારું શું ?'

'બસ બેટા, આ છેલ્લો પ્રયત્ન કરી લઈએ. દરેક પર્વતારોહક કંઈ મરી જતો નથી. અને હા, મૃત્યુ ક્યાં કોઈને કહીને આવે છે ? રસ્તામાં કોઈ ટક્કર મારશે તો ? રોડ અકસ્માત કેટલા થાય છે ? એવા મૃત્યુ કરતાં તો આ સારું નહીં ?' અને છોકરાં માની ગયાં. આ ઍવરેસ્ટ માટેનો ખર્ચ લગભગ ૧૪-૧૫ લાખ, પહેલાં બે વારની નુકસાની જોડતાં ૫૦ લાખ તો સ્વાહા થઈ ગયા... પણ ના, એકવાર જવું એટલે જવું અને ચેતના-પ્રદીપે કમર કસી લીધી...

બાળકો જ્યારે નાનાં હતાં ત્યારે પ્રદીપ અને ચેતના અલગ-અલગ સમયે માઉન્ટેન ક્લાઈમ્બિંગ માટે જતાં, જેથી બાળકો એકલાં ન પડે. પણ એવરેસ્ટ માટે સજોડે જવું વધુ હિતાવહ હતું. અંદરની વાત તો એવી છે કે ઍવરેસ્ટ જતાં પહેલાં ચેતનાના ભાઈ જયેશ અને પ્રદીપના ભાઈએ બાળકોની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી લીધેલી, જેથી તેઓ વધુ ઍનર્જી સાથે અને ચિંતામુક્ત બનીને ઍવરેસ્ટ સર કરી શકે.

હિમાલયની બરફ આચ્છાદિત પર્વતમાળા પર એમની નવ જણાની ટીમ હતી. જેમાં સાત ભારતીય, એક જાપાનીઝ અને એક પૉલેન્ડનો હતો. ૫૦ દિવસની આ સફર હતી અને ઍવરેસ્ટની ૮૮૪૮ મીટરની ઊંચાઇ પર એમણે પહોંચવાનું હતું. ૧૯૮૪માં ઍવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય મહિલા બચેન્દ્રી પાલને ચેતના ઘણી ઍક્સિપિડિશનમાં અગાઉ મળી હતી, જેણે ચેતનાનો ઉત્સાહ ઘણો વધાર્યો હતો.

પ્રદીપનો પોતાનો હરારે, ઝીમ્બાબ્વેમાં માઈનિંગનો વ્યવસાય છે. એ આઠ મહિના ત્યાં રહે છે અને ચેતના જ્યારે ફોન પર વાત કરે ત્યારે પમ પ્રથમ પ્રશ્ન, જીમ ગઈ હતી ? યોગા કર્યા ? કેટલું ચાલી આવી ? એવા જ રહેતા. બાળકોને તૈયાર કરી સ્કૂલે મોકલ્યા બાદ ચેતના સખ્ત ટ્રેનિંગ લેતી હતી...

ઍવરેસ્ટ ચઢાણ દરમિયાન ૮૪૦૦ મીટરની ઊંચાઈએ પહોંચ્યા બાદ એક તબક્કે ચેતના હિંમત હારી ગઈ હતી. પણ પ્રદીપ અને સાથેના શેરપાએ હિંમત વધારતાં એણે વિશ્વાસપૂર્વક ડગ માંડ્યા. પ્રદીપ એનાથી અરધો કલાક આગળ ચાલતો હતો. ઍવરેસ્ટ માત્ર ૮૦૦ મીટરના અંતરે હતું અને પ્રદીપ ચેતનાની રાહ જોઈ રહ્યો હતો, બે કલાક જેટલો સમય થતાં એની ચિંતા આસમાને પહોંચી...

રાત પડી ગઈ હતી અને પ્રદીપને કંઈક અવાજ સંભળાયો. પુરબા શેરપા આવ્યો હતો અને એ પણ ઑક્સિજન વગર... શેરપા બેભાન થતાં પહેલાં બોલ્યો કે ચેતનાનો ઑક્સિજન પતવા આવેલો એટલે એને આપીને આવ્યો છું !! શેરપાના આવ્યાના બે કલાક બાદ ચેતના ત્યાં આવી, શેરપાની વાત પરથી એણે આશા છોડી દીધેલી પણ ચેતના જીવી ગઈ એ ચમત્કાર જ હતો અને વિશેષ એટલે એમની ટીમ પૈકી ત્રણ જણા આ સફર દરમ્યાન મોતને ભેટ્યા હતા.

૫૦ દિવસના આ અભિયાન દરમ્યાન જ ચેતનાએ સાતમી મેએ પોતાનો ૫૦મો જન્મદિવસ પર્વતોમાં ઉજવ્યો હતો. ચેતના અને પ્રદીપ ૧૯મી મેના રોજ ઍવરેસ્ટના શિખરે પહોંચી ગયાં અને એમનું વર્ષો પુરાણું સ્વપ્ન સાકાર થયું. ઍવરેસ્ટ એક્સપિડિશન વખતે થયેલી મૅડિકલ ઈન્જરીમાં ચેતનાની આઠેય આંગળીઓ ડૅમેજ થઈ છે, બંને હાથે પ્લાસ્ટર છે, ચહેરો આખો છોલાઇ ચૂક્યો છે, એના એ વખતના ફોટોગ્રાફસ જોઈએ તો પણ કમકમાટી આવી જાય... બધી યાતનાઓ, તકલીફો સહન કરી ઈચ્છિત ધ્યેયને પ્રાપ્ત કરી ચેતનાએ પરિવારમાં ગોઠવાયેલી સ્ત્રી પણ ૫૦ વર્ષની ઉંમરે ઍવરેસ્ટ જેવું અતિ કઠિન કાર્ય કરી શકે છે એવું સાબિત કરી દીધું.

હાલ કલકત્તા સ્થાયી થયેલી ચેતનાને બિરદાવવા ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિશેષ મુલાકાત ગોઠવી હતી. ગુજરાતની આ બહાદુર દીકરીને એમણે દિલથી બિરદાવી હતી. એની સંપૂર્ણ વિગત અને ફોટોગ્રાફ જોઈ, એની ઈજાગ્રસ્ત આંગળીઓ વિશે પણ પૂછપરછ કરી હતી. આણંદ શહેરમાં તો ચેતનાને બિરદાવતા અનેક કાર્યક્રમો થયા છે.

હિમાલયના ઍવરેસ્ટ શિખરને સર કરી પ્રથમ ગુજરાતી મહિલા બનનાર ચેતના રાણા ગુજરાતનું ગૌરવ છે અને એક પ્રેરણાસ્ત્રોત છે. સજોડે ઍવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય કપલનું ગૌરવ પ્રાપ્ત કનાર ચેતના-પ્રદીપ શાહુએ પરિવાર બૅલેન્સ કરી એક અદ્વિતિય સફળતા મેળવી છે. ત્રીસ વર્ષનો ઈંતઝાર અને ત્રીજા પ્રયત્ને ઍવરેસ્ટ સર કરનાર ચેતના રાણાને કહેવું જ પડે, વાહ ! ચેતના વાહ ! બ્રાવો ગર્લ !

**એક ઔર વાહ**

ભારતની પ્રથમ ઍવરેસ્ટ સર કરનાર મહિલા બચેન્દ્રી પાલે ચેતનાને પોતાના ઘરે બોલાવી ગળે લગાડી હતી અને કહ્યું હતું, 'આઈ હેવ પ્રાઉડ ધેટ અ ગુજરાતી લેડી અચિવ ધ ઍવરેસ્ટ ઍક્સપિડિશન.'

આનાથી મોટો બીજો કયો ઍવોર્ડ હોઈ શકે !

